સિવિલના આઈસોલેશન વોર્ડમાં અસુવિધાઓની ભરમાર

ગાંધીનગર, તા.૧૮

કોરોના વાયરસે વિશ્વભરમાં હાહાકાર મચાવ્યો છે. કોરોના વાયરસે ૧૬૬થી વધુ દેશમાં પગપેસારો કરી દીધો છે. વિશ્વના વિવિધ દેશના બે લાખ નાગરીકો કોરોના વાયરસથી પ્રભાવિત છે તેમજ આઠ હજારથી વધુ નાગરીકોના મૃત્યુ થયા છે. ત્યારે ભારત દેશમાં પણ કોરોનાને લઈને ખાસ સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. તેમ છતા ભારતના વિવિધ રાજયમાં છુટા છવાયા કોરોનાના કેસ મળી રહ્યા છે. ત્યારે ગુજરાતમાં કોરોના વાયરસનો એકપણ પોઝીટીવ કેસ નોંધાયો નથી. રાજયના આરોગ્ય વિભાગ દ્વારા ખાસ કોરોના વાયરસને લઈ તકેદારીના પગલા લેવાઈ રહ્યા છે. ત્યારે પાટનગર ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોના વાયરસને પગલે દર્દીઓ માટે તૈયાર કરવામાં આવેલા આઈસોલેશન વોર્ડના રૂમનું ચિત્ર કંઈ વિચિત્ર છે. હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં કોરોનાના શંકાસ્પદ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે, ત્યારે દર્દીઓ માટે સુવિધા તો નથી પણ સમસ્યાઓ વધુ છે તેવો ચિતાર જોવા મળી રહ્યો છે.

રાજયના પાટનગરની સિવિલમાં કોરોના વાયરસને પગલે આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ૩૦ બેડની સુવિધા સાથે રાઉન્ડ ધ કલોક ડોકટર તેમજ સ્ટાફની હાજરી જોવા મળે છે. જરુરી દવા અને સાધનોથી વોર્ડ સુસજ્જ કરાયો છે. પરંતુ કોરોના વાયરસને લઈ જે પ્રકારનો વોર્ડ હોવો જોઈએ તે પ્રકારનો વોર્ડ નથી. મળતી માહિતી મુજબ સિવિલ કેમ્પસમાં ડી-૪ ખાતે જુના બિલ્ડીંગમાં આ વોર્ડ ઉભો કરાયો છે. જેમાં દર્દીઓ માટે કોમન શૌચાલય છે, અને તેમા ગંદકી હોવાનું સામે આવ્યું છે. તો બીજીતરફ વોર્ડમાં બેડ અને ચાદરો પણ વ્યવસ્થિત નહીં હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે પીવાના પાણીની પણ અલગ વ્યવસ્થાનો અભાવ હોવાની ફરીયાદો ઉઠવા પામી છે.

ઉલ્લેખનીય છે કે કોરાના વાયરસને લઈ નગરની એસટી બસોને પણ સેનેટાઈશન કરવામાં આવી રહી છે. ડેપો સંકુલમાં પણ સફાઈને કેન્દ્ર સ્થાને રાખી મુસાફરોના આરોગ્યના મામલે ડેપો તંત્ર જાગૃત થયું છે. પરંતુ દર્દીઓને જયાં સારવાર આપવામાં આવી રહી છે. તે સિવિલ હોસ્પિટલમાં સંવેદનશીલ સ્થિતિ વચ્ચે પણ સફાઈની ઉણપ જોવા મળી રહી છે.

ખૂણેખાંચરેથી

- રાજયમાં મહેસુલ મંત્રીના કાર્યાલયમાં ફરજ બજાવતા ચિરાગ પંચાલની પી.એમ.ઓ. કાર્યાલયમાં નિમણુંક થતા ગુજરાત સરકારે તે અંગેના હુકમો કર્યા છે.
- કોરોના વાયરસને લઈ આજે રાજ્યના અગ્રસચિવ સુશ્રી જયંતિ રવિએ સવારે ૧૨ વાગે વિડિયો કોન્ફરન્સ કરી હતી.
- ગાંધીનગર શહેરમાં ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા ૧૫૦૦થી વધુ લોકોના સ્વાસ્થ્ય અંગે આજે શહેરી આરોગ્ય તંત્રએ ચકાસણી કરી હતી.
- ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાની ફરિયાદો વધવા પામી છે.
- ગાંધીનગર મનપાના મેયર રીટાબેન પટેલે આજે સિવિલ હોસ્પિટલમાં આઈસોલેશન વૉર્ડની મુલાકાત લીધી હતી.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

કોરોના અંગેનો પરિપત્ર છે કે, 'સ્કુલે ન આવતા બાળકોના ઘરે જઈને અભ્યાસમાં મદદ કરવી' મને લાગે છે કે ખેતરમાં જઈને તીડ ભગાડવા કરતા સારું કામ છે...!!

વાત-વાતમાં.....

- શહેરના 'ક' માર્ગ પર વધી રહેલા અકસ્માતોના પગલે તેની આસપાસના રહેવાસીઓમાં ચિંતાની સ્થિતિ પ્રવર્તી રહી છ. આ સપ્તાહે 'ક' માર્ગ પર બનાવાયેલા સ્પીડ બ્રેકર્સની ડિઝાઈનમાં સુધારો કરી તેને સરળ બનાવાયાં છે, જો કે આ લખાય છે ત્યાં સુધી તેના પર સફેદ પટ્ટા દોરવાના બાકી છે.
- વિધાનસભાના ચાલી રહેલા સત્ર દરમિયાન સંકુલમાં આવેલા ટોયલેટસમાંથી હેન્ડ સેનેટાઈઝર, સાબુ તેમજ યુરિનની વાસ ઓછી કરતી સફેદ ગોળીઓ વગેરેની ઉઠાંતરી થઈ જતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. કોરોના વાઈરસને પગલે તમામ ટૉયલેટસમાં મુકવામાં આવેલા નવા સાબુ સહિતની આ સામગ્રી કેટલેક સ્થળેથી ગાયબ થઈ ગઈ હોવાની વાતો ફેલાવા પામી છે.
- શહેરમાં ખાનગી ટયુશન કલાસીસ સંચાલકો દ્વારા 'કોરોના' વાઈરસને પગલે વિદ્યાર્થીઓને વ્હોટેસએપ સહિતના સોશ્યલ મિડીયા પર અભ્યાસ સામગ્રી મોકલવાનો અભિગમ અપનાવાયી રહ્યો છે. જે વિદ્યાર્થીઓની પરીક્ષાઓ કોરોનાને કારણે મુલતવી રખાઈ છે તેમને આ સમયનો સદુપયોગ કરીને ઘરે બેઠાં અભ્યાસ કરી લેવાની સલાહ પણ આપવામાં આવી રહી છે.

જલારામ મંદિર ખાતે ભોજનપ્રસાદ તથા દરિયાલાલ જયંતિની ઉજવણી મોકૂફ

કોરોના વાયરસને અનુલક્ષીને જલારામ મંદિર સે-૨૯ ખાતે ભોજન પ્રસાદ તેમજ આવતા ધાર્મિક પ્રસંગ દરિયાલ જયંતિની ઉજવણી મોકૂફ રાખવામાં આવ્યા છે. જેની સર્વે નગરજનોએ નોંધ લેવા સંસ્થાના પ્રમુખ સેવંતીલાલ જે. ઠકકર દ્વારા જણાવાયું છે.

કોરોના વાયરસની જાગૃતિ માટે ડભોડા પોલીસની આરોગ્ય ચકાસણી કરાઈ

કોરોના વાયરસથી દેશભરમાં હડકંપ મચેલો છે. વાયરસના અનુસંધાને પોલીસમાં જાગૃતિ લાવવા માટે રોયલ ગુજરાત જનરલ હોસ્પિટલ દ્વારા ડભોડા પોલીસના સ્ટાફ જવાનોને ડૉક્ટરો દ્વારા સમજ આપવામાં આવી હતી. તથા ડૉ. ધ્રુવ પટેલ દ્વારા પોલીસ જવાનોનું આરોગ્ય ચકાસણી પણ કરવામાં આવી હતી. પી. એસ. આઈ. બી. આર. રાઠોડ, પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો.

જિલ્લાના ૧૩૬ બાળકો નેશનલ સ્કોલરશીપ માટે પસંદગી પામ્યા

વાર્ષિક ૧૨ હજાર રૂ. લેખે વિદ્યાર્થીને સ્કોલરશીપ ધો-૧૨ સુધીના અભ્યાસ માટે મળશે

ગાંધીનગર, તા.૧૮

ભારત સરકારની નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ માટે જિલ્લાના ૧૩૬ બાળકો પસંદગી પામ્યા છે. આજે આ અંગેનું પરિણામ જાહેર થતાં જિલ્લાના શિક્ષણ જગતમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

ધો-૮માં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને ધો-૯ થી ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરી શકે તે માટે માનવ સંશાધન મંત્રાલયના નેજા હેઠળ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આ પરીક્ષા યોજવામાં આવે છે.

આ મેરીટમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીને વાર્ષિક રૂ. ૧૨ હજારની સ્કોલરશીપ ભારત સરકાર દ્વારા ચુકવવામાં આવશે અને તે વિદ્યાર્થીના ખાતામાં સીધી જમા થશે. ગાંધીનગર જિલ્લામાં આ પરીક્ષા માટે ૪૯૯૬ વિદ્યાર્થી નોંધાયા હતા જેમાંથી ૩૯૨૩ વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. ૧૬૦૦ બાળકોએ કવોલીફાઈંગ માર્કસ મેળવ્યા છે પરંતુ તેની મેરીટ યાદીમાં જિલ્લાના ૧૩૬ બાળકો પસંદ થયા છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજયના ૭૪,૩૧૦ બાળકોએ કવોલીફાય માર્કસ મેળવ્યા છે. રાજયના ૫૦૯૩ બાળકો મેરીટમાં આવ્યા છે અને તેમાં જિલ્લાના ૧૩૬ બાળકોનો સમાવેશ થાય છે.

બોરીજમાં જમીનમાં દાટેલી વિદેશી દારૂની ૬ બોટલ ઝડપાઈ

બોરીજ સર્કીટ હાઉસ પાછળના પરામાં મહિલાના ઘર પાસેથી જમીનમાં દાટેલી વિદેશી દારુની ૬ બોટલ સેકટર-૨૧ પોલીસે પકડી પાડી છે. સેકટર-૨૧ પોલીસે બાતમીને આધારે બોરીજ સર્કીટ હાઉસવાળા પરા ખાતે રહેતી કાજલ સંજયજી ઠાકોરના ઘરે રેઈડ પાડી હતી.પોલીસે ઘરની અંદર અને આસપાસ તપાસ કરતા પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં જમીનમાં દાટેલી વિદેશી દારુની ૬ બોટલ મળી આવી હતી. પોલીસે ૩૪૦૦ ની કિંમતનો દારુ જપ્ત કરી કાજલ ઠાકોર સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આ દારૂનો જથ્થો કયાંથી લાવ્યા હતા અને કોને આપવાનો હતો તે અંગે પુછપરછ કરી હતી.

મધુર કોરોના રોકો અભિયાનઃ ગુજરાત સ્વાસ્થય અમે પરિવાર કલ્યાણ વિભાગની સાથે ગાંધીનગર મધુર ડેરીએ પણ કોરોના રોકો અભિયાન ચાલુ કર્યું છે. ગામ લેવેલે પશુપાલકો અને શહેરના ગ્રાહકો એમ બંને મહત્વના વર્ગ દૂધ અને દૂધની બનાવટો સાથે સંકળાયેલા છે. કોરોના રોકો અભિયાન અંતર્ગત નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. ૧. મનની શુદ્ધિ માટે શિક્ષાપત્રી તો તનની શુદ્ધિ માટે મધુર સ્વચ્છતાપત્રી. કોરોનાથી બચવાના સૂચનો અને ધ્યાનમાં રાખવાની બાબતોની એક ખાસ પત્રિકા. ૨. અમૂલ ટોપિકલ × બેટર સાફ ધેન સોરી × ની સાથે સાથે હવે ×મધુર તેરી મેરી હાથકી સફાઈ× ટોપિકલથી જાહેરાત. ૩. મંડળી અભિયાન-ગામ લેવલે માસ્ક, ગૌ અર્ક ઉપયોગ, કેન સફાઈ, વાસણ સફાઈ ની જાગૃતિ. ૪. મધુર પાર્લર દ્વારા તકેદારી અને જાગૃતિ અભિયાન. ૫. શનિવારે યોજાતા ગૌ પશુપાલન જાગૃતિ અભિયાનમાં કોરોના રોકો વિષયને પ્રાધાન્ય. ૬. કોરોના પ્રતિરોધક ઉકળાની જાણકારી અને વિતરણ. આયુર્વેદ વિભાગના માર્ગદર્શન મુજબ.

ચંદ્રાલા પાસે લકઝરી બસમાંથી ૫૬ બોટલ વિદેશી દારુ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૮

લકઝરી બસમાં ખાખી પુંઠાની આડમાં લઈ જવાતો દારુનો જથ્થો પોલીસે પકડી પાડ્યો છે. ચંદ્રાલા પાસેથી લકઝરી બસમાંથી ૫૬ બોટલ સાથે એક શખ્સને ચિલોડા પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે દારુ અને મોબાઈલ સહિત કુલ રૂ. ૩૪,૯૧૦ નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહીતી મુજબ ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો ત્યારે કોન્સ્ટેબલ કરમણભાઈ સાંકાભાઈને દારુની હેરાફેરી અંગે ચોક્કસ બાતમી મળી હતી. જેને પગલે પોલીસ ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ચંદ્રાલા પાસે વોચમાં ઉભી હતી. ત્યારે રાજસ્થાનથી અમદાવાદ તરફ જતી લકઝરી બસ આર.જે.૧૪.પી.એફ.-૦૦૨ નંબરની ઉભી રખાવી હતી અને મુસાફરોને નીચે ઉતારી અંદર તપાસ કરતા કંઈ મળી આવ્યું ન હતું.

જેથી પોલીસે સામાનની ડેકી ખોલાવી હતી. ડેકીમાંથી પોલીસને ખાખી પુંઠાના બે પાર્સલ મળી આવ્યા હતા. તે માલિકની પુછતાછ કરતા પ્રદિપ કિશનચંદ્ર રામખ્યાણી (રહે.કુબેરનગર) ના હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપીને સાથે રાખીને બોકસ ખોલતા અંદરથી વિદેશી દારુની ૫૬ બોટલ મળી આવી હતી. પોલીસે ૩૪,૯૧૦ કિંમતનો દારુ અને ૫૦૦ નો મોબાઈલ મળી કુલ રૂ.૩૪,૯૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કલોલના રાચરડા ગામેથી ગાંજો ઝડપાયો

ગાંધીનગર, તા.૧૮

કલોલ તાલુકાના રાચરડા ગામે ઈન્દીરાનગરના મકાનમાંથી ૧,૭૯૦ ગ્રામ ગાંજાનો જથ્થો એસઓજી પોલીસે પકડી પાડ્યો છે. એસઓજી પોલીસે બાતમીને પગલે રેઈડ પાડી રૂ.૧૭,૯૦૦ કિંમતનો ગાંજો જપ્ત કર્યો હતો. આ ગાંજાનો જથ્થો મહિલાને અમદાવાદમાં રહેતો કોઈ અજાણ્યો બાવો આપી ગયો હતો. જેથી પોલીસે બંન્ને સામે સાંતેજ પોલીસ મથકે ગુનો નોંધાવી કાયેદસરની કાર્યવાહી કરી છે. એસઓજી પીઆઈ ડી.બી. વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં સક્રિય હતા. તે સમયે એસઓજીના કોન્સ્ટેબલ જગતસિંહને મગનસિંહને ગાંજા અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રાંચરડા ગામે ઈન્દીરાનગર ખાતે વસવાટ કરતી સોમીબેન ઉર્ફે સુમનબેન કનુજી ઠાકોરના ઘરે રેઈડ પાડી હતી.

જેમાં લાકડાના કબાટ નીચે પડેલી થેલીમાંથી ૧,૭૯૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કિ.૧૭૯૦૦ ગાંજો અને એક મોબાઈલ કિ.૫૦૦ જપ્ત કર્યા હતા. પોલીસે ગાંજા વિશે પુછતાછ કરતા મહિલાએ અમદાવાદ ખાતે રહેતો કોઈ બાવો ૧૬ માર્ચના રોજ તેને ગાંજો આપી ગયો હોવાનું કહ્યું હતું. એસઓજી પોલીસે સોમીબેન ઉર્ફે સુમનબેન ઠાકોર અને અજાણ્યા બાવા સામે ગુનો નોંધી સાંતેજ પોલીસ મથકે ગુનો દાખલ કરાવી બાવાને પકડી પાડવા માટે એસઓજી પોલીસ પ્રયાસ શરુ કર્યા છે.

ચિલોડા પવિત્ર પીંપળાના વૃક્ષની સુતરઆંટીથી પ્રદક્ષિણા કરી દશામાના વ્રતની પૂજા અર્ચના

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામમાં રહેતા રાજસ્થાની મહિલા દ્વારા દશ દિવસ દશામાના વ્રતની અનોખી ઉજવણી કરાઈ રહી છે. ગામના બહુચરમાતા મંદિર પાસે આવેલ પવિત્ર પીંપળાના વૃક્ષની સુતર દોરાથી પ્રદક્ષિણા કરી પૂજા અર્ચના કરી શ્રધ્ધાપૂર્વક ઉજવી કરી હતી. આ ધાર્મિક મહિલાઓએ સવારે પીંપળાના વૃક્ષ પાસે ધાર્મિક વિધિ વિધાન કરી દશામાની વાર્તાનું કથન વાંચન કરી ધાર્મિક ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ચિલોડા હોમિયોપથીના ડૉ. ઘનશ્યામભાઈ પ્રજાપતિએ ગામ આગેવાન નટુભાઈ પટેલ દ્વારા કોરોના વાયરસ પ્રતિરોધક હોમિયોપથી દવાનું વિતરણ કર્યું હતું.

ગાંધીનગરમાં 'ઓલ ન્યુ ક્રેટા' કારનું પંજાબ હ્યુન્ડાઈ ખાતે ભવ્ય લોન્ચીંગ

ગાંધીનગરના પંજાબ હ્યુન્ડાઈના શૉ રૂમ ખાતે હ્યુન્ડાઈની 'ઑલ ન્યુ ક્રેટા' મોડેલનું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હ્યુન્ડાઈના જનરલ મેનેજર અખિલેશ સિંઘ, સેલ્સ હેડ ધર્મેશ શાહ, હ્યુન્ડાઈ મોટર્સના એરિયા મેનજર ગૌરવ શર્મા અને સમીરભાઈ તથા એચડીએફસી બેંકના આરએમ હિરેન વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. 'ઑલ ન્યુ ક્રેટા' કાર પર નવા ફીચર્સ સાથે ૧૪ પ્રકારના વિવિધ વેરિયન્ટસમાં લોન્ચ કરવામાં આવી છે જેમાં તે પેનોરોમિક સનરૂફ સાથે બ્લ્યુ લિંક કનેકટેડ કાર હોવા ઉપરાંત અનેક નવીનતમ સુવિધાઓ ઉપલબ્ધ છે. આ કારની કિંમત રૂ. ૧૧.૩૬ લાખથી શરુ કરીને રૂ. ૧૯.૯૦ લાખ સુધીની મુકવામાં આવી છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર
NATIONAL HEALTH MISSION
राष्ट्रीय स्वास्थ्य मिशन

નમસ્તે ગુજરાત

હસ્તધૂનન ને છોડી, ચાલીએ હવે સુરક્ષિત રસ્તે
મુખ પર સ્મિત સાથે, સહુને કરીએ નમસ્તે

ગભરાઈએ નહી પણ સતર્ક રહીએ,
કોરોના વાયરસને ફેલાતો અટકાવવા આટલું કરીએ

છીંક કે ઉધરસ વખતે નાક અને મોં ઢાંકવું.
સાબુ અને પાણીથી વારંવાર હાથ ધોવો.
ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળો.
જાહેર જગ્યાએ થૂંકશો નહી. જાહેર જગ્યામાં થૂંકવું એ દંડનીય અપરાધ છે.

વધુ માહિતી માટે

કોરોના વાયરસ અંગે વધુ માહિતી માટે ૧૦૪ પર કોલ કરો.
24 x 7 કન્ટ્રોલ રૂમ – ૦૭૯ ૨૩૨ ૫૦૮૧૮ અને ૦૭૯ ૨૩૨ ૫૧૯૦૦.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રસારિત

For latest updates follow us on : @GujHFWDept

www.creativeline.co.in